# PAPER-2

## વિભાગ - A

### (ગદ્ય વિભાગ)

**(અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો. (4)**

| (અ) કૃતિ | (બ) સંદર્ભ સાહિત્ય |
|---|---|
| (1) છત્રી | (અ) રખડુનો કાગળ |
| (2) ડાંગવનો અને | (બ) માનવીની ભવાઈ |
| (3) ભૂખથીય ભૂંડી ભીખ | (ક) બાનો ભીખુ |
| (4) ચોપડાની ઈન્દ્રજાળ | (ડ) મરો ત્યાં સુધી જીવો |
| | (ઈ) ૐ હાસ્યમ |

**(બ) નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. (4)**

(1) મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક માર્ગદર્શક ________ હતા.
(વિનોબા ભાવે, શ્રીમદ્ રાજચંદ્ર, ગોપાલકૃષ્ણ ગોખલે)

(2) કાળુને ________ ની મોટાઈ જોઈને પોતાના વિચારો બાલિશ લાગવા માંડ્યા. (સુંદરજી શેઠ, મહાજન, ફોજદાર)

(3) ________ ની સ્વસ્થતાનો શરીરની તંદુરસ્તી પર સીધો પ્રભાવ છે.
(તન, મન, ધન)

(4) લેખક છત્રી લેવા રાજકોટ જવાની વાતમાં મક્કમ રહ્યા, કારણકે તે બીજાની ________ ની કદર કરવા ઈચ્છતા હતા.
(વફાદારી, પ્રામાણિકતા, પરગજુપણા)

**(ક) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. (2)**

(1) ગરીબોનું શોષણ કરનાર ચોપડાનો રંગ કેવો હતો ?
(2) શતાવધાની શક્તિ એટલે શું ?

**(ડ) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો. (ગમે તે બે) (4)**

(1) લેખકે શાહુકારને શરીફ ડાકુઓ કેમ કહ્યા છે ?
(2) 'બાવાના બેય બગડ્યા' એમ કાળુ શા માટે કહે છે ?
(3) 'બેટા ચાલ બહુ મોડું થઈ ગયું' વિનુકાકાના આ વાક્યનો ગુઢાર્થ સમજાવો.

**(ઈ) નીચેના પ્રશ્નોના દસ-બાર વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો. (6) (ગમે તે બે)**

(1) આરોગ્યની જાળવણી માટેના લેખકના વિચારો તમારા શબ્દોમાં વ્યક્ત કરો.
(2) 'ભૂલી ગયા પછી' એકાંકીનું રહસ્ય જણાવો.
(3) 'હિમાલયમાં એક સાહસ' પાઠને આધારે હિમાલયની સાહસ યાત્રાનું વર્ણન કરો.

## વિભાગ - B

### (પદ્ય વિભાગ)

**(અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો. (4)**

| (અ) કૃતિ | (બ) સાહિત્ય પ્રકાર |
|---|---|
| (1) બોલીએ ના કાંઈ | (અ) લોકગીત |
| (2) દિવસો જુદાઈના જાય છે | (બ) ઊર્મિકાવ્ય |
| (3) ચાંદલિયો | (ક) ગીત |
| (4) એક બપોરે | (ડ) સૉનેટ |
| | (ઈ) ગઝલ |

**(બ) નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. (4)**

(1) 'સૂર, શરણાઈ અને ભીડ' દ્વારા ________ દૃશ્ય સ્ફૂટ થાય છે.
(મૃત્યુનું, જન્મ દિવસનું, લગ્નનું)

(2) ગાંધીજી પાસે ________ નામનું સશક્ત આયુધ હતું.
(સત્ય, અહિંસા, પરિગ્રહ)

(3) કાવ્યનાયક માને ________ બાંધી દેવા કહે છે.
(બળદ, રોટલા, ઘાસ)

(4) સ્વજન સુધી ________ લઈ જશે. (ઈશ્વર, શત્રુઓ, મિત્રો)

**(ક) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. (2)**

(1) ગરીબ સ્ત્રીની ચૂંદડી ક્યાં સુધી સાથે રહે છે ?
(2) કવિની દૃષ્ટિએ ભારવાળો મુગટ એટલે શું ?

**(ડ) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો. (ગમે તે બે) (4)**

(1) સત્યના આયુધની કઈ વિશેષતા છે ?
(2) ચાંદલિયો લોકગીતના આધારે રાત્રિનું વર્ણન કરો.
(3) કેડીએ ચાલતાં કવિ શાનો અનુભવ કરી રહ્યા છે ?

**(ઈ) નીચેના પ્રશ્નોના દસ-બાર વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો. (6) (ગમે તે બે)**

(1) 'દીકરી' ગઝલ દ્વારા પિતા તરીકે કવિએ દીકરી પ્રત્યેના મનોભાવો કઈ રીતે વ્યક્ત કર્યા છે ?
(2) 'માધવને દીઠો છ ક્યાંય ?' કાવ્યનો મધ્યવર્તી વિચાર સ્પષ્ટ કરો.
(3) કવિ શિકારીને કઈ શિખામણ આપે છે ?

## વિભાગ - C

**માગ્યા પ્રમાણે ઉત્તર લખો. (દરેકનો ૧ ગુણ)**

**આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને જવાબ લખો.**

(1) નીચેના બે શબ્દોની સાચી જોડણી શોધીને લખો. (1)
પત્થર (પથ્થર, પત્થ્ર, પત્તથર)
નીશાસો (નીશાસો, નિશાશો, નિશાશો)

(2) 'અતિ + અંત' શબ્દની સાચી સંધિ જોડો. (1)
(અત્યંત, અતીત, અત્યાંત)

(3) 'હૃદયભેદક' શબ્દનો સમાસ ઓળખાવો. (1)
(ઉપપદ, મધ્યમપદલોપી, તત્પુરુષ)

(4) જોડણીભેદ અર્થભેદ શોધીને લખો. (1)
(1) અલિ - (સખીને સંબોધન, ભમરો, અંશ)
(2) અલી - (સખીને સંબોધન, ભમરો, આરસ)

(5) 'તમે ગાળામાં માળાની જેમ મોટી દોરી રાખો.'- વાક્યમાંના અલંકારનો પ્રકાર જણાવો. (ઉપમા, રૂપક, વ્યતિરેક) (1)

(6) 'પટલાણી' શબ્દમાં કયો પ્રત્યય રહેલો છે ? (1)
(પૂર્વ પ્રત્યય, પર પ્રત્યય, એકપણ પ્રત્યય નહિ)

(7) નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો શોધીને લખો. (1)
સાવજ (સિંહ, હોશિયાર, સીધો)
ફડક (ચિંતા, ઉમંગ, ફલક)

(8) 'માંદગી' સંજ્ઞાનો સાચો પ્રકાર લખો. (1)
(વ્યક્તિવાચક, જાતિવાચક, ભાવવાચક)

■ **નીચે આપેલા પ્રશ્નોના માંગ્યા મુજબ ઉત્તર લખો.**

(9) નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપો. (1)
ગજર ભાંગવો

(10) નીચે આપેલ કહેવતનો અર્થ લખો. (1)
દુ:ખમાં અધિક માસ

(11) નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો. (1)
દિવ્ય કે અલૌકિક શક્તિ ધરાવનાર

(12) નીચેના શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ લખો. (1)
અભિમાન

(13) કર્મણિ વાક્ય બનાવો. (1)
હું તો ભૂતકાળ બાદ કરીને જીવતો હતો.

(14) નીચેના તળપદા શબ્દનું શિષ્ટરૂપ આપો. (1)
હાઉકાર

(15) નીચેના વાક્યમાંથી વિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો. (1)
સાત પેઢી પણ ઋણમાંથી કદી મુક્ત ન થઈ શકે.

(16) નીચેના વાક્યમાંથી ક્રિયાવિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો. (1)
મારગની ધૂળને ઢંઢોળી પૂછે.

(17) 'સૌંદર્ય' શબ્દના ધ્વનિઘટકો (સ્વર-વ્યંજન) છૂટા પાડો. (1)

(18) નીચેના વાક્યની પ્રેરક વાક્યરચના બનાવો. (1)
ગામમાં કોઈ માંદુ પડે તો દાક્તરને સજા કરતા.

(19) નીચેની પંક્તિનો છંદ ઓળખાવો. (1)
હા ! પસ્તાવો, વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે.

(20) અનુષ્ટુપ છંદનું બંધારણ જણાવો. (1)

## વિભાગ - D
**(લેખન)**

**(અ) નીચે આપેલી પંક્તિઓનો આશરે પંદર વાક્યોમાં અર્થવિસ્તાર કરો. (4)**

કદમ અસ્થિર હો એને કદી રસ્તો નથી જડતો
અડગ મનના મુસાફરને હિમાલય પણ નથી નડતો.

અથવા

ત્રણ વાનાં મુજને મળ્યા: હૈયું, મસ્તક ને હાથ,
બહુ દઈ દીધું નાથ ! જા, ચોથું નથી માંગવું.

**(બ) તમારી શાળામાં યોજાયેલ રક્તદાન શિબિરનો અહેવાલ આશરે એકસો શબ્દોમાં લખો. (4)**

**(ક) નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો. (4)**

"કુદરતમાં ફરતી વખતે માણસને કેવો આનંદ આવે છે. એના ઉપરથી એનામાં સુખી થવાની ક્ષમતા કેટલી છે, તે જાણી શકાય છે. માણસ મૂળભૂત રીતે એક પ્રાણી છે અને પ્રાણીઓનું સાચું સ્થાન કુદરતમાં છે. પાંજરામાં રહેલું પક્ષી સલામત જરૂર હોય છે, પરંતુ એના જેવાં જ કુદરતમાં ઊડતાં, ગાતાં પક્ષીઓ જેવું એ સુખી નથી હોતું. જે વ્યક્તિ ઊગતા કે આથમતા સૂર્યનું સૌંદર્ય, ચાંદની રાતની શીતળતા, સૂમસામ રાતનું સંગીત, ઊંચા ઊંચા પર્વતોની ભવ્યતા, વહેતાં ઝરણાનો કલરવ, હવાનો મધુર સ્પર્શ કે ભીની માટીની સોડમ માણી શકે નહિ, તે એટલા પ્રમાણમાં સુખી થવાની ક્ષમતા ગુમાવી દે છે. સુખી સ્વભાવની વ્યક્તિ ધનવાન હોય કે નિર્ધન, કુદરતના સૌંદર્ય અને ભવ્યતાને જોઈને આનંદવિભોર થઈ જાય છે.

- મોહમ્મદ માંકડ

**(ડ) ગમે તે એક વિષય પર મુદ્દાઓ પર આધારિત આશરે ૨૫૦ શબ્દોમાં નિબંધ લખો. (8)**

જનનીની જોડ સખી નહી જડે રે લોલ.

મુદ્દા : પ્રસ્તાવના - બાળઉછેર - માતાનું મૂલ્ય - મહાપુરૂષોના જીવનમાં માતાના ફાળો - માતાનો અમૂલ્ય ત્યાગ - માનું ઋણ જીવનમાં કદી ન ભૂલો - ઉપસંહાર

અથવા

બળબળતા જામ્યા બપોર

મુદ્દા : પ્રસ્તાવના - બપોરનું વાતાવરણ - ગરમીની લોકો પર અસર - પ્રકૃતિ પર અસર - બપોરનું સૌંદર્ય - સંસ્મરણો - ઉપસંહાર

અથવા

જીવનમાં રમતગમતનું મહત્વ

મુદ્દા : પ્રસ્તાવના - રમતગમત - સહજ તેમજ સ્વાભાવિક રમતગમતથી સ્વાસ્થ્યની જાળવણી - રમતગમતની મન પર અસર - રમતગમત વડે સ્થાપાતા આંતરરાષ્ટ્રીય સૌહાર્દ અને વિશ્વશાંતિ - ઉપસંહાર

# PAPER-3

## વિભાગ - A
**(ગદ્ય વિભાગ)**

**(અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો. (4)**

| (અ) પાત્રો | (બ) કૃતિ |
|---|---|
| (1) ઝબકબાઈ | (અ) ગતિભંગ |
| (2) ડુંગર | (બ) જન્મોત્સવ |
| (3) વિશાખા-ધનંજય | (ક) રેસનો ઘોડો |
| (4) સંજય | (ડ) વિરલ વિભૂતિ |
| | (ઈ) ભૂલી ગયા પછી |

**(બ) નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. (4)**

(1) ધૂળમાં પગલી જોઈને ડુંગરની પત્નીને ________ યાદ આવ્યું.
(મૃત માતા, મૃત પિતા, મૃત બાળક)

(2) માણેકના કરુણ ચિત્કારે ________ નો પીછો પકડ્યો.
(કાનજી-દેવજી, વૃંદાવન દાસ-મુખિયાજી, વિશાખા-ધનંજય)

(3) શાહુકારો રાનીપરજ ખેડૂતોનું ________ કરતા.
(પોષણ, રક્ષણ, શોષણ)